# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-01-2026** **Morning: 7.45 TO 7.55 AM**
**Day : THURSDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર નિકિતા શાહ વાંચે છે.**

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારતની સતત ગતિ " રીફોર્મ એક્સપ્રેસ" પકડી રહી છે

2) વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું વૈશ્વિક રાજકારણને સ્થિર કરવા ભારત અને ફ્રાન્સે સાથે મળીને કામ કરવું મહત્વપૂર્ણ

3) વસ્તી ગણતરી - 2027 ના પ્રથમ તબક્કા માટે જાહેરનામું પ્રસિદ્ધ.

4) ઉત્તરાખંડમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના દુગડ્ડાથી ગુમખાલ વિભાગના અપગ્રેડેશન માટે 390 કરોડ રૂપિયાથી વધુના ભંડોળને મંજૂરી.

5) ભારતે, ત્રીજી અંડર એક દિવસીય ૧૯-મેચમાં દક્ષિણ આફ્રિકાને હરાવી શ્રેણી જીતી.

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM---GDP-GROWTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ભારતની "રીફોર્મ એક્સપ્રેસ" સતત ગતિ પકડી રહી છે, કારણ કે દેશનો GDP ચાલુ નાણાકીય વર્ષમાં 7.4 ટકા વધવાનો અંદાજ છે, જે પાછલા નાણાકીય વર્ષમાં 6.5 ટકા હતો.

GDP ના આંકડાઓ પર પ્રતિક્રિયા આપતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે NDA સરકારના સતત રોકાણ પ્રોત્સાહનો અને માંગ-આધારિત નીતિગત પગલાંને કારણે આ વૃદ્ધિ શક્ય બની રહી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ જણાવ્યું હતું કે માળખાગત વિકાસ, ઉત્પાદન પ્રમોશન, ડિજિટલ જાહેર માલ અને વ્યવસાય કરવાની સરળતા જેવા ક્ષેત્રોમાં પ્રયાસોનો હેતુ સમૃદ્ધ ભારતના સ્વપ્નને સાકાર કરવાનો છે.

. . . . .

# PARIKSHA PE CHARCHA 2026

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અનોખા સંવાદ કાર્યક્રમ , "પરીક્ષા પે ચર્ચા" માટે અત્યાર સુધીમાં 4 કરોડથી વધુ લોકોએ નોંધણી કરાવી છે. પ્રધાનમંત્રીએ આ વર્ષના કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો પાસેથી સૂચનો મંગાવ્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ જણાવ્યું હતું કે ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓ નજીક આવી રહી છે , તેથી તેઓ ફરી એકવાર વિદ્યાર્થીઓ , વાલીઓ અને શિક્ષકો સાથે પરીક્ષાના વિવિધ પાસાઓ પર વાતચીત કરશે. તેમણે જણાવ્યું હતું કે તેમની વાતચીત મુખ્યત્વે પરીક્ષાના તણાવનો સામનો કરવા , શાંત અને આત્મવિશ્વાસ રાખવા અને સ્મિત સાથે પરીક્ષા આપવાના માર્ગો પર કેન્દ્રિત હશે. શ્રી મોદીએ દેશભરના પરીક્ષાર્થીઓને તેમના પ્રશ્નો , વિચારો અને અનુભવો શેર કરવા વિનંતી કરી હતી જે અન્ય લોકોને પ્રેરણા આપી શકે.

. . . . . . . .

# JAISHANKAR-INDIA-WEIMAR-MEETING

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે વિશ્વ હાલમાં ઉથલપાથલના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. કેટલીક ઘટનાઓ બની છે જે વૈશ્વિક વ્યવસ્થાને ફરીથી આકાર આપી શકે છે.

તેમણે વેઇમર ફોર્મેટ બેઠકમાં હાજરી માટેના આમંત્રણની પ્રશંસા કરી. શ્રી જયશંકરે જણાવ્યું હતું કે ચર્ચાઓ મુખ્યત્વે ભારત-યુરોપિયન યુનિયન સંબંધો , હિન્દ-પ્રશાંત ક્ષેત્ર અને યુક્રેન સંઘર્ષ પર કેન્દ્રિત હતી. તેમણે નોંધ્યું હતું કે આજે યુરોપિયન યુનિયન અને યુરોપ સાથે ભારતના સંબંધો વધુ ગાઢ બનવાની સંભાવના છે. હજુ પણ ઘણા ક્ષેત્રો છે જેમાં અપાર સંભાવનાઓ રહેલી છે અને તેનો અભ્યાસ કરવાની જરૂર છે.

. . . . . . . . .

# JAISHANKAR---FRANCE

વિદેશમંત્રી એસ. જયશંકરે કહ્યું ભારત અને ફ્રાન્સે વૈશ્વિક રાજકારણને સ્થિર કરવા માટે સાથે મળીને કામ કરવું મહત્વપૂર્ણ છે.

ડૉ. જયશંકરે ગઈકાલે પેરિસમાં તેમના ફ્રેન્ચ સમકક્ષ જીન-નોએલ બારોટ સાથેની મુલાકાત દરમિયાન આ નિવેદન આપ્યું હતું. વિદેશ મંત્રીએ નોંધ્યું હતું કે ફ્રાન્સ ભારતના સૌથી જૂના વ્યૂહાત્મક ભાગીદારોમાંનું એક છે, અને , આ સમયે વૈશ્વિક રાજકારણને સ્થિર કરવા માટે સાથે મળીને કામ કરવું જરૂરી છે.

ડૉ. જયશંકરે કહ્યું કે સંબંધો આગળ વધારવા માટે સતત સંવાદ એક આવશ્યક ભાગ છે. તેમણે સમાન વિચારધારા ધરાવતા, એકીકૃત અને સહિયારા દેશો વચ્ચે ઊંડા સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો.

. . . .

# CENSUS 2027

કેન્દ્ર સરકારે વસ્તી ગણતરી - 2027 ના પ્રથમ તબક્કા માટે જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

આ વર્ષે પેહલી એપ્રિલથી 30 સપ્ટેમ્બર વચ્ચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઘરોની ગણતરી હાથ ધરવામાં આવશે. ગૃહ મંત્રાલયના જાહેરનામમાં જણાવાયું છે કે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા સ્થાપિત સમયપત્રક મુજબ, ઘરોની ગણતરી શરૂ કરી 15 દિવસ પહેલાં સ્વ-ગણતરી માટેની જોગવાઈ ઉપલબ્ધ રહેશે.

પ્રસ્તુત છે એક અહેવાલ..

(વોઈસકાસ્ટ – મિત્તલ પટેલ)

દેશમાં પહેલીવાર, વસ્તી ગણતરી ડિજિટલ રીતે હાથ ધરવામાં આવશે. એન્ડ્રોઇડ અને iOS મોબાઇલ ઉપકરણોનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરવામાં આવશે. વસ્તી ગણતરી ડેટા એકત્રિત કરવા માટે ત્રીસ લાખ કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે. આ કર્મચારીઓ ડેટા એકત્રિત કરશે, નિરીક્ષણ કરશે અને વસ્તી ગણતરી કામગીરીનું નિરીક્ષણ કરશે.

વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો એપ્રિલ અને સપ્ટેમ્બર 2026 ની વચ્ચે શરૂ થશે , જ્યારે ઘરો-રહેઠાણ ની યાદી બનાવવામાં આવશે અને પછી ગણતરી કરવામાં આવશે. જ્યારે બીજો તબક્કો ફેબ્રુઆરી 2027 માં વસ્તી ગણતરી (PE) નો હશે. લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો અને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના બરફથી ઘેરાયેલા રાજ્યો માટે વસ્તી ગણતરી આ વર્ષે સપ્ટેમ્બરમાં હાથ ધરવામાં આવશે.

અગાઉ, ગયા મહિનાની 12મી તારીખે, કેન્દ્રીય મંત્રીમંડળે 11 હજાર 718 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ભારતની વસ્તી ગણતરી- 2027 હાથ ધરવાની યોજનાને મંજૂરી આપી હતી. વધુમાં, રાજકીય બાબતોની મંત્રીમંડળ સમિતિએ ગયા વર્ષે 30 એપ્રિલના રોજ યોજાયેલી બેઠકમાં વસ્તી ગણતરીમાં જાતિ વસ્તી ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો હતો.

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GADKARI-NHAI

કેન્દ્ર સરકારે ઉત્તરાખંડમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 534 ના દુગડ્ડાથી ગુમખાલ વિભાગના અપગ્રેડેશન માટે 390 કરોડ રૂપિયાથી વધુના ભંડોળને મંજૂરી આપી છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ 18.1 કિલોમીટરના લાંબા સેક્શનના મજબૂત બે-માર્ગીય રોડમાં વિકસાવશે. શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ વચ્ચે જોડાણ સુધારવાનો છે તેમણે ઉમેર્યું હતું કે આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ચાર ધામ યાત્રા અને સંરક્ષણ પ્રવૃત્તિઓ માટે વૈકલ્પિક માર્ગ તરીકે તથા વહીવટી દ્રષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે.

. . . .

# DELHI-POLICE-ILLEGAL-IMMIGRANTS

દિલ્હી પોલીસે બાંગ્લાદેશના ગેરકાયદેસર રહેતા લોકોને ઓળખવા અને તેમની સામે કાર્યવાહી કરવા માટે એક ખાસ ઓપરેશન શરૂ કર્યું છે.

આ ઓપરેશનમાં , પોલીસે માંગોલપુરી રેલ્વે લાઇન નજીક પાંચ લોકોની ધરપકડ કરી જેઓ તેમના વિઝા સમાપ્ત થયા પછી પણ દેશમાં રહેતા હતા. પોલીસે જણાવ્યું હતું કે પૂછપરછ દરમિયાન , તેમાંથી કોઈ પણ માન્ય ઓળખપત્ર કે મુસાફરી દસ્તાવેજો રજૂ કરી શક્યું નથી.

પોલીસે જણાવ્યું હતું કે આ લોકો તેમના ભારતીય વિઝા સમાપ્ત થયા પછી અન્ય દેશોના વિઝા મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે અન્ય ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સને ઓળખવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે.

. . . .

# CAQM-INSPECTION-ACTIVITIES

કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ - CAQM ના એન્ફોર્સમેન્ટ ટાસ્ક ફોર્સની 123મી બેઠકમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં અમલીકરણ અને નિરીક્ષણ પ્રવૃત્તિઓની સમીક્ષા કરવામાં આવી.

16 દિવસના અમલીકરણ અભિયાન દરમિયાન , ઉદ્યોગો, ડીઝલ જનરેટર સેટ , બાંધકામ પ્રવૃત્તિઓ , રસ્તાની ધૂળ અને બાયોમાસ બાળવા સહિતના મુખ્ય વાયુ પ્રદૂષક ક્ષેત્રોમાં નિરીક્ષણો હાથ ધરવામાં આવ્યા. દિલ્હીમાં બાયોમાસ અને મ્યુનિસિપલ ઘન કચરો બાળવા અને કચરાના સંચયની ઘટનાઓને તપાસવા માટે ખાસ સંયુક્ત નિરીક્ષણ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી.

કમિશને તેના નિરીક્ષણો દ્વારા નોંધપાત્ર ઉલ્લંઘનો અને બિન-અનુપાલનોને તારવ્યા છે અને તેને બંધ કરવાની સૂચનાઓ જારી કરવા સહિત જરૂરી પગલાં લીધા છે.

. . .

# CRICKET - U-19

ભારતે, ત્રીજી અંડર-૧૯ એક દિવસીય મેચમાં દક્ષિણ આફ્રિકાને ૨૩૩ રનથી હરાવી ૩-૦થી શ્રેણી જીતી લીધી છે.

બેનોનીના વિલોમૂર પાર્ક ખાતે રમાયેલી ત્રણ મેચની શ્રેણીની ત્રીજી અને અંતિમ વનડેમાં ભારતે દક્ષિણ આફ્રિકાને જીત માટે ૩૯૪ રનના લક્ષ્યાંક આપ્યો હતો. લક્ષ્યાંકનો પીછો કરતા , દક્ષિણ આફ્રિકા ૩૫ ઓવરમાં ૧૬૦ રનમાં ઓલઆઉટ થયું હતું.

અગાઉ દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. . ભારતે પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૩૯૩ રન બનાવ્યા. ભારતીય કેપ્ટન વૈભવ સૂર્યવંશીએ ૭૪ બોલમાં શાનદાર ૧૨૭ રન બનાવ્યા હતા.

. . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગએ આજે રાજસ્થાન , હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને દિલ્હીમાં ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસ માટે ઓરેંજ એલર્ટ આપ્યું છે. ઉત્તર પૂર્વ રાજ્યો, બિહાર, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર , મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળોએ આવી જ સ્થિતિ રહેશે . દરમિયાન, હવામાન વિભાગે છત્તીસગઢ, ઝારખંડ અને ઓડિશા , આસામમાં શીત લહેર અને હિમવર્ષાની આગાહી કરી છે . રવિવાર સુધી તમિલનાડુ , પુડુચેરી, કેરળ, માહે અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરી છે.

. . . . . . .

# TN-NDA-PMK-ALLIANCE

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા , પટ્ટાલી મક્કલ કાચી- PMK , NDA માં જોડાઈ ગઈ છે.

ઓલ ઈન્ડિયા અન્ના DMK પાર્ટીના મહાસચિવ ઇ. પલાનીસ્વામીએ , PMK વડા અંબુમણી રામદાસ સાથે ચેન્નાઈમાં મીડિયા સાથે વાત કરતા NDA માં જોડાવાની જાહેરાત કરી. શ્રી પલાનીસ્વામીએ કહ્યું કે તેઓ પહેલાથી જ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં છે. તેમણે ગઠબંધનમાં વધુ પક્ષોને સામેલ કરવાની શક્યતા વ્યક્ત કરી. વધુમાં, PMK વડા અંબુમણી રામદાસે દાવો કર્યો કે તમિલનાડુના લોકો શાસક DMK પાર્ટીથી નારાજ છે અને ઓલ ઈન્ડિયા અન્ના DMKના નેતૃત્વ હેઠળના ગઠબંધનને ભારે બહુમતી આપીને સરકાર બનાવશે.

. . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજના અખબારોમાં પ્રકાશિત થયેલા મુખ્ય સમાચાર પર નજર કરીએ તો
- ગુજરાત સમાચાર અને ફૂલછાબે મુખ્ય સમાચારમાં લખ્યું છે કે 2025-26માં ભારતનો જીડીપી 7.4 ટકા રહેવાનું અનુમાન
- રશિયાના બે ઓઇલ જહાજ યુએસએ કબજે લેતાં યુધ્ધના ભણકારા આ પહેલા પેજના મુખ્ય સમાચાર નવ ગુજરાત સમયના છે
- સંદેશની આજની હેડલાઇન છે સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો છે કે કૂતરું કરડવાનાં મૂડમાં છે તે કેવી રીત ખબર પડે
- સ્પોર્ટસમાં અન્ડર-19માં ભારતે દક્ષિણ આફ્રિકાને હરાવીને શ્રેણી જીતી , આજે અમદાવાદમાં ઇન્ડિયન ઓલેમ્પિક એસોસિએશનની બેઠક
- જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારોમાં તમામ અખબારોએ રાજ્યના સાંસદોની સંપત્તિમાં વધારો , સુરેન્દ્રનગરના સસ્પેન્ડડ કલેકટર રાજેન્દ્ર પટેલ જેલભેગા , પીએમ મોદીના સોમનાથના પ્રવાસની તૈયારીઓ સહિતના સમાચાર છેલ્લાપેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . .